જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૧/૨૦૧૯ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** સમાચાર યાદી નં.૧૪૪/૧૯

## નારોલ પોલીસ સ્ટેશનના લુંટ,ધાડના ચકચારી ગંભીર ગુનો કરવાવાળા ધાડપાડુ ચડ્ડી બનીયાનધારી ટોળકીના છેલ્લા આઠ માસથી નાસતા ફરતા રહેલ આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-૦૨ સા. તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૦૬ સા. તેમજ મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન, અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ નારોલ પોલીસ સ્ટેશન દાખલ થયેલ ફ.ગુ.ર.ન.૧૧૧/૧૮ ઇપીકો કલમ ૩૯૭, ૩૯૫, ૩૭૬(૧)(૨)(ત), ૩૩૭ વિ.ના કામે તા.૧૯/૦૫/૨૦૧૮ ના રોજ ફરીયાદી તથા ફરીયાદીની દીકરીઓ ઘરની ઓસરીમાં સુતા હતા તે દરમ્યાન મોડીરાત્રે આશરે રાતના અઢી વાગ્યાના સુમારે ફરીયાદીના ઘર ઉપર છુટા પથ્થરો ફેકતા ફરી.ની દીકરી પાર્વતીને પથ્થર વાગતા તેઓ જાગી જતા સાતથી આઠ અજાણ્યા માણસો જેઓએ મોંઢા ઉપર કપડુ વીંટી તેમજ ચડ્ડી બનીયાન પહેરેલ હાલતમા હાથમા લાકડી તથા છરી તેમજ પથ્થરો જેવા હથીયાર સાથે ઘરની ઓસરીમાં સુતા હતા તે વખતે આ ધાડપાડુ ટોળકી ઘુસી આવી ફરીયાદી તથા ફરીયાદીની દીકરીઓને લાકડીથી તથા પથ્થરોથી માથાના ભાગે મારમારી ઇજાઓ કરી ઘરના દરવાજાનુ લોક તોડી અંદર પ્રવેશ કરી તીજોરી તોડી રોકડ રકમ રૂપિયા ૧૦,૦૦૦/- તથા ફરિયાદી તથા સાહેદ નાઓએ પહેરેલ સોના ચાંદીના દરદાગીના મળી કુલ્લે રૂપીયા ૪૦,૦૦૦/- ની મત્તાની લુંટ કરી ધાડ પાડી નાસી ગયેલ. જે બાબતે ઉપરોક્ત ગુનો દાખલ કરેલ છે.

આ કામે ગુનાની તપાસ દરમ્યાન મરનારના મોબાઈલ ફોનની કોલડીટેઈલ આધારે નામ ખુલવા પામેલ આરોપીઓ પૈકીનો આરોપી બાબુભાઇ સ/ઓફ મગનભાઇ વરસંગભાઇ માવી ઉ.વ.૨૮ રહે- ગામ-રવાળી ફળીયુ, ચીલીકોટા, તા.લીમખેડા, જી.દાહોદ તથા હાલ રહે- ગામ-રેવાપર, ટંકારા, મોરબી, રમેશભાઇ પટેલની વાડીમા, મોરબી નાને ટેલીફોનીક લોકેશન તથા બાતમી હકીકત આધારે નામ ખુલેલ આરોપીઓ પૈકીના ઉપરોક્ત આરોપીને પકડી પાડી આજરોજ તા.૨૨/૦૧/૧૮ ના કલાક ૧૭/૦૦ વાગે અટક કરેલ છે. સદર આરોપી ઉપરોક્ત લુંટ, ધાડના ગંભીર ગુનાને અંજામ આપેલ તે પૈકીનો આરોપી હોય તેને સઘન પ્રયાસો કરી પકડી સારી કામગીરી કરવામા આવેલ છે અને વધુ કાર્યવાહી ચાલુ છે.

**<u>નવસારી રૂરલ પો.સ્ટેના ખોટા દસ્તાવેજ બનાવવાના ગુનામાં વૉન્ટેડ આરોપીને પકડતી જીઆઈડીસી વટવા પો.સ્ટે સર્વેલન્સ સ્કોડ</u>**

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી વૉન્ટેડ આરોપીઓને પકડવાની મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એચ.વી.સીસારા સાહેબની સુચના અનુસંધાને સર્વેલન્સ પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા તથા મ.સ.ઈ મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ તથા અપોકો વિજયસિંહ ભુપતસિંહ બ.નં ૧૩૧૮૮ તથા અપોકો જ્યંતિભાઈ નાગરભાઈ બ.નં ૬૧૬૯ નાઓએ સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મ.સ.ઈ મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ નાઓની બાતમી હકીકત આધારે નવસારી રૂરલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૦૨/૧૯ ધી ઈપીકો કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૦૬, ૪૨૦, ૪૭૪, ૧૭૭, ૩૮૪, ૧૮૧, ૫૦૬(૨), ૧૨૦(બી) મુજબના કામના વૉન્ટેડ આરોપી **<u>જનેન્દ્રબાબુ જીતેન્દ્રદેવ ભાનોટ ઉ.વ ૬૮ રહે.મ.નં ૮૫/૧, નરનારાયણ સોસાયટી,આવકાર હોલની પાસે, દક્ષીણી મણીનગર અમદાવાદ શહેર</u>** નાને રામોલ ચાર રસ્તા પાસેથી પકડેલ છે.સદરી આરોપીને તા:૨૨/૦૧/૧૯ ના ક:૧૯/૦૦ વાગે સી.આર.પી.સી ૪૧(૧)(આઇ) મુજબ ઉપરોક્ત ગુનાના કામે અટક કરી સારી કામગીરી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.